**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૧૧/૨૦૧૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી ૧૦૫ લીટર દેશી દારૂ અને ૮૮૪ બોટલ/બિયર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૪૦૫/૧૫**

**શાહીબાગ :** દેવીસિંહ માંગીલાલજી રાવ (રહે,મણીલાલ મુખીની ચાલી, અસારવા શાહીબાગ) એ તા.૨૮/૧૧/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૧૫ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી ભાવનાબહેન (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.પ્રજાપતિ ચલાવે છે.

**બાપુનગર :** આફરીન મુકસુદખાન પઠાણ (ઉ.વ.૧૭)(રહે,મણીલાલ મથુરદાસની ચાલી, પન્ના એસ્ટેટ, બાપુનગર) ને તા.૨૬/૧૧/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સલમાન રઉફ મીર્ઝા (રહે.સુરેન્દ્રનગર, મુળ વતન: ઢેમા, થાના બાદલપુર જોનપુર ઉત્તરપ્રદેશ) લગ્ન કરવાની લાલચ આપી,જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે.આ અંગેની ફરીયાદ આફરીનની માતા રૂકશાનાબાનુ પઠાણે તા.૨૮/૧૧/૧૫ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી કે.એ.વાઘેલા ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૬/૧૫**

**નારણપુરા :** બટુકભાઇ પોપટલાલ પટેલ (ઉ.વ.૫૭)(રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી, હીરાવાડી રોડ, મહાવીરનગર સૈજપુર) એ તા.૨૮/૧૧/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૧૦ થી તા.૨/૨/૨૦૧૧ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમરીશભાઇ કાંતીભાઇ રાવલ (રહે.વિશ્વાસ બંગ્લોઝ, સોલા) (૨) દોલાજી મકવાણા (રહે.ગામ : તેલાવ, સાણંદ) (૩) ગિરધરભાઇ ડાહ્યાભાઇ પટેલ (રહે.રવિપાર્ક સોસાયટી, મહાવીરનગર) (૪) પ્રવિણ માલુભાઇ પટેલ (રહે.સ્વાગત હોટલ, મણીનગર) (૬) નાગેશ એસ. દેવપલ્લી (રહે.રામેશ્વર સોસાયટી, ઠક્કરબાપાનગર ચાર રસ્તા પાસે)



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ભેગામળી બટુકભાઇને  વિશ્વાસમાં લઇ તેમની ઓઢવ નિકોલ ગામ ની અંબીકાનગરની બાજુમાં આવેલ ૪૮૬૫ ચો.વાર જમીન પેટે રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- નક્કિ કરી તા.૨/૨/૨૦૧૧ નારોજ દસ્તાવેજ કરી, સોલા બ્રીજ નીચે આવેલ એ.ડી.સી.બેંકમાં અમરીશભાઇ રાવલનાં એકાઉન્ટનાં અલગ-અલગ ચેકો બટુકભાઇની સુચીત જીવનધારા કો.ઓ.હા.સો.ના નામનાં ચેકો દસ્તાવેજમાં દર્શાવી, સુચીત કો.ઓ.હા.સો.ના ખોટા સિક્કા બનાવી ચેકોની પાછળ ખોટા સિક્કા મારી, સોસાયટીનાં ચેરમેન અને સેક્રેટરીની ખોટી સહીઓ કરી તે ચેકો બેંકમાં ખોટી રીતે ક્લીયર કરી રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- બેંકમાંથી ઉપાડી લઇ, બટુકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.એમ.સોલંકી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૦૭/૧૫**

**સોલા હાઇકોર્ટ :** હિરવા D/O સુરેશભાઇ પટેલ (રહે.શ્રીજી બંગ્લોઝ, સરસ્વતી સ્કુલનાં ખાંચામાં, સાયન્સ સીટી રોડ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૧/૧૫ સાંજના ૬/૪૫ થી તા.૨૮/૧૧/૧૫ નાં કલાક ૧૦/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન સાયન્સ સીટી રોડ, સમેદ રેસીડન્સીનાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ પોતાની દુકાન હિરવા બ્યુટીકનાં મુખ્ય શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ડ્રેસ, બ્લાઉઝ, ચણીયાચોળી, કુર્તીઓ અને છુટક કાપડ મળી કુલ કિંમત રૂપિયા ૧,૩૯,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે  છે.

**આનંદનગર :** સંજયભાઇ મુકુંદરાય માડલીયા (રહે.ઇશાન-૧, સીમાહોલની પાછળ, આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૧/૧૫ રાતના ૮/૩૦ થી ૨૪/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર કોર્પોરેટ રોડ, સફલ પ્રોફીટાવરનાં ચોથામાળે આવેલ ઓફીસ નં.એ/૮ નાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, મોબાઇલ, કોમ્પ્યુટર અને આઇપેડ મળી કુલ કિંમત રૂપિયા ૧,૩૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.એન.ચૌધરી ચલાવે  છે.

**<u>લુંટ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦૮/૧૫</u>**

**જી.આઇ.ડી.સી.વટવા :** ધવલભાઇ શ્યામલાલ જૈન (ઉ.વ.૨૩)(રહે.ન્યુ જૈન મિલન સોસાયટી, સુરેલીયા એસ્ટેટ પાસે, વસ્ત્રાલ) નાઓને તા.૨૮/૧૧/૧૫ નાં કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે રામોલ બ્રીજનાં ઢાળ ઉપર રીક્ષા ડ્રાઇવર સહિત ચાર અજાણ્યા પુરૂષ (૧૮ થી ૨૮ વર્ષના આશરાનાં) ચપ્પુ બતાવી ધવલભાઇનું લેપટોપ, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- ની લુંટ કરી પલાયન થઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ ધવલભાઇ જૈને જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.કરંગીયા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦૯/૧૫</u>**

**વાડજ :** શાંતાગૌરીબહેન મગનભાઇ ચાવડા (ઉ.વ.૬૭)(રહે.નિર્ણયનગર ચાંદલોડીયા) તા.૨૭/૧૧/૧૫ નાં કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) શાંતાગૌરીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.બુંબડીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૧૦/૧૫**

**નરોડા :** સપનાબહેન કમલેશભાઇ ત્રિવેદી (રહે.આઇ/૧૦૨, સનએક્ઝોટીકા હસપુરા, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૫ સવારનાં ૧૦/૦૦ થી બપોરનાં ૨/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન શકદાર આરોપણ અંકેતાબહેન રતિલાલ ઠક્કર (રહે.આઇ/૧૦૧ સનએક્ઝોટીકા હસપુરા, નરોડા) સપનાબહેનનાં ઘરની તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૧૨૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ઇસનપુર :** હિમાંગકુમાર હરીશભાઇ શાહ (રહે.રૂશભ હોમ્સ, આદર્શ ટેનામેન્ટ પાસે, ગોવિંદવાડી, ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૫ નાં કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે ઘોડાસર ચાર રસ્તા પુલ પર ચઢતા ડાબી બાજુએ પોતાની વેગનઆર કારનો પાછળનો કાચ તોડી અજાણી વ્યક્તિ હિમાંગકુમારની નજરચુકવી કારમાંથી અગત્યના દસ્તાવેજો, લેપટોપ, ચાર્જર, ડોંગલ અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૨૪૧૧/૧૫**

**રીવરફ્રન્ટ વેસ્ટ :** રાજેશભાઇ દિનેશભાઇ શાણા (ઉ.વ.૨૮)(રહે.સુસાભગતની ચાલી, અમરાઇવાડી) કોઇ અગમ્ય કારણોસર તા.૨૮/૧૧/૧૫ સવારના ૧૧/૨૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે એન.આઇ.ડી.નાં પાછળનાં ભાગે, સાબરમતી નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)